**ડૉ. જ્યોતિ એમ. કુરાડા**

**મદદનીશ પ્રાધ્યાપક(સમાજશાસ્ત્ર)**

**સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામ**

**{abstract:** આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિકીકરણના પરિણામે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. એટલે કે ઔદ્યોગીકરણ શિક્ષણના વિકાસનું એક પરિબળ કહી શકાય. ઉદ્યોગોમાં રોજગારી મેળવવા માટે શિક્ષણની જરૂરિયાત હોવાથી આદિવાસી લોકોમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતતા આવી છે. સ્થાનિક આદિવાસીઓમાં ઉદ્યોગ સ્થપાવાથી તેમજ શિક્ષણનું પ્રમાણ વધવાથી વ્યવસાયિક ગતિશીલતા વધી છે. ઓદ્યોગિકીકરણની સાથો સાથ અનેક નવા નવા વ્યવસાયો ઉદભવે છે. આથી રોજગારીની તકો વધી છે. શિક્ષણ અને ઉદ્યોગો વ્યવસાયિક ગતિશીલતાના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. }

# આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિકીકરણ અને વ્યવસાયિક ગતિશીલતા

## પ્રસ્તાવના

આધુનિક સમાજમાં પરિવર્તન લાવનારા પરિબળો તરીકે શિક્ષણ, ઔદ્યોગિકીકરણ અને સંચાર- માધ્યમોને મહત્વના ગણાવી શકાય. જેમના થકી વર્તમાન સમાજ વિકાસ સાધી રહ્યું છે. ગુજરાત રાજ્યમાં મોટા ભાગની આદિવાસી વસ્તી રાજ્યની ઉત્તર-પૂર્વ અને દક્ષિણની સરહદી

પટ્ટીમાં વસવાટ કરે છે. ગુજરાતમાં વિભિન્ન ૨૯ આદિવાસી સમુદાયનો સમાવેશ થાય છે. આદિવાસીઓના આર્થિક, શૈક્ષણિક, સામાજિક વગેરે પાસાં તરફ જોઇએ તો વિકાસની દૃષ્ટિએ આદિવાસીઓ અન્ય સમુદાયોની તુલનામાં ઘણા પછાત છે.

આઝાદી પછી આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે સરકારે અનેક કલ્યાણકારી યોજનાઓ બનાવી છે. તેમના વિકાસ માટે ભારતના બંધારણમાં કેટલીક વિશિષ્ટ જોગવાઇઓ કરવામાં આવી છે. આદિવાસીઓનો આર્થિક વિકાસ થાય અને તેમને રોજગારી માટે સ્થળાંતર ન કરવું પડે માટે આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક એકમો સ્થાપવાની શરૂઆત કરવામાં આવી. આમ, આજે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું તો છે પરંતુ અમુક સ્તર સુધી જ મર્યાદિત જોવા મળે છે. તેમજ ઉદ્યોગો સ્થપાયા હોવા છતા રોજગારી મળતી નથી.

**સંશોધન પેપરનો હેતુ**

પ્રસ્તુત અભ્યાસ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યો છે. આ વિસ્તાર પસંદ કરવા પાછળનું કારણ આ વિસ્તારમાં આદિવાસી વિસ્તાર છે તેમજ અહી ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા ચાલી રહી છે. અભ્યાસનો હેતુ આદિવાસીઓના આર્થિક જીવનમાં ઔદ્યોગિકીકરણ પ્રક્રિયામાં શિક્ષણ શું ભાગ ભજવી રહ્યો છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**સંશોધન પેપરનું પદ્ધતિશાસ્ત્ર**

માહિતી એકત્રીકરણ માટે સંશોધન ક્ષેત્રમાં જઈ આદિવાસી સમુદાયની રહેણી-કરણી, રીત-રિવાજો, પહેરવેશ, ઉત્તરદાતાના હાવભાવ, સામાજિક, આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા નિરીક્ષણ પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મુલાકાત પ્રયુક્તિ દ્વારા સૌપ્રથમ સંશોધન ક્ષેત્રને સમજવામાં સરળતા પડી. ઉપરાંત સંશોધન માટે પસંદ કરેલા ઉત્તરદાતાઓને રૂબરૂ મળીને તેમજ

ગામના વડીલોની મુલાકાત કરી ભૂતકાળની અને વર્તમાનની પરિસ્થિતિ વિશે માહિતી મેળવવામાં આવી. અને મુલાકાત અનુસૂચીનો ઉપયોગ દ્વારા દરેક પ્રકારના ઉત્તરદાતા પાસેથી માહિતી પ્રાપ્ત કરી શકાતી હોવાથી આ પ્રયુક્તિ વધુ ઉપયુકત જણાતા તેનો માહિતી એકત્રિત કરવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ઘણી જગ્યાએ ઔદ્યોગિક વસાહતો આપવામાં આવી હતી. પરંતુ સંશોધન ક્ષેત્ર તરીકે સરીગામની પસંદગી સમષ્ટિના યોગ્ય નિદર્શન તરીકે બંધ બેસતી હોવાથી સંશોધન ક્ષેત્ર તરીકે તેની પસંદગી કરવામાં આવી તથા સંશોધન એકમની પસંદગી સમયે આ વિસ્તારમાં વસતી વારલી, હળપતિ અને ધોડિયા એમ ત્રણેય જનજાતિના ભેગા મળીને ૨૨૦ કુટુંબોને પસંદ કરવામાં આવ્યા.

આદિવાસી સમુદાયમાં કોટીક્રમિકતાના ત્રણેય પ્રકારના સ્તરો આ સમષ્ટિમાં જોવા મળતા હોવાના કારણે તથા આ જ વિસ્તારમાં જી.આઈ.ડી.સી. સ્થપાવાથી અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ એકમોમાં સામાજિક જીવનનાં ક્યા પાસાંઓમાં સાતત્યતા જોવા મળે છે અને ઔદ્યોગિકીકરણની પ્રક્રિયાના કારણે ક્યા પાસાઓમાં પરિવર્તન આવ્યું છે અને ગતિશીલ બનેલ છે તે જાણી શકાય તેમ છે.

અભ્યાસ ક્ષેત્રમાં ઔદ્યોગિકીકરણની પ્રક્રિયાના પરિણામે બિન-આદિવાસીઓના સંપર્કમાં આવતા તેના સમાજજીવનના ક્યા પાસાઓમાં સાત્યતા અને પરિવર્તનો આવ્યા છે  તે અભ્યાસ દ્વારા જાણવાનો પ્રયત્ન કર્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધન એકમ તરીકે લેવામાં આવેલ જનજાતિઓ તેમજ તેમના કુટુંબો વર્ષોથી એટલે કે જી.આઈ.ડી.સી સ્થપાવા પહેલાથી મૂળ અહીંના જ છે, જે એક મુખ્ય કારણ છે. જી,આઈ.ડી.સી સ્થપાયા બાદ આ ત્રણેય જનજાતિઓના પરંપરાગત

વ્યવસાયમાં કેટલું પરિવર્તન આવ્યું છે અને કેટલી ગતિશીલતા સાધી શક્યા છે તે સમજવા માટેનું એક યોગ્ય સમષ્ટિ તરીકેની લાક્ષણિકતાઓ ધરાવે છે, જેમાં જોઈએ તો ધોડિયા જનજાતિ પરંપરાગત રીતે ખેતીવાડી અને પશુપાલન તેમજ નોકરી સાથે સંકળાયેલી હતી. જેઓમાં શિક્ષણનું પ્રમાણ વધુ હતું.

**અભ્યાસ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ**

ભારત દેશમાં ગુજરાત રાજ્યમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિકીકરણ થયેલ રાજ્ય છે. જે "ઇન્વેસ્ટર ફ્રેન્ડલી" રાજ્ય તરીકે ઓળખાય છે. સાથે-સાથે રાજ્ય વિપુલ માત્રામાં રોકાણને આકર્ષવામાં અગ્રગણ્ય રાજ્ય તરીકે જાણીતું છે. તેમજ ભારતમાં અગત્યનું રોકાણ આકર્ષણનું કેન્દ્રસ્થાન તરીકે ઉદ્ભવેલ છે. નવેમ્બર ૨૦૦૭ના અંતે ગુજરાતના સ્પેશિયલ  ઇકોનોમિક ઝોન (SEZ) બોર્ડ ઓફ એપ્રુવલ વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દિલ્હી દ્વારા મંજુર થયેલ છે. ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ નિગમો ૨૦૬ જેટલા છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, અંકલેશ્વર, અતુલ, વાપી, ઉમરગામ અને સરીગામ વગેરે સ્થળોએ ઔદ્યોગિક વસાહતો આવેલી છે. જેમાં અંકલેશ્વર અને વાપી ઔદ્યોગિક વિસ્તાર માત્ર ગુજરાત રાજ્યમાં કે ભારતમાં જ નહિ પરંતુ સંપૂર્ણ  એશિયા ખંડમાં જાણીતું છે. દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિકીકરણ થયેલ જોવા મળે છે. જેમાં વાપી અને અતુલમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિકીકરણ નો વિકાસ થયો છે. તેમજ ઉમરગામ, સરીગામ, ગુંદલાવ જેવા સ્થળોએ પણ વિશાળ પ્રમાણમાં ઔદ્યોગિકીકરણનો વિકાસ થઇ રહ્યું છે. ૧૯૬૪ સુધી વલસાડ જિલ્લો અલગ અસ્તિત્વ ધરાવતો ન હતો. વલસાડનો આજ દિન સુધીનો આધારભૂત મુખ્ય ઉદ્યોગ કાપડ અને રસાયણ છે. કુલ મૂડી રોકાણ અને રોજગારીની દ્રષ્ટીએ આ ઉદ્યોગો અનિવાર્યપણે વલસાડના ઔદ્યોગિક માળખાના નિર્ણાયક ઉદ્યોગ

તરીકે રહ્યા છે. પરંતુ થોડા વર્ષો બાદ નવા ઉદ્યોગો તથા પ્રયોજનો જિલ્લાના અર્થકારણમાં ઉમેરાયા છે. અહી ઈજનેરી, રાસાયણિક, દવાદારૂ તથા ટેકસટાઇલ, હોઝીયરી, રબર, પ્લાસ્ટિક પ્રોડક્શન, મરીન પ્રોડક્શન વગેરે શરૂ થયા.

વલસાડ જિલ્લામાં સરકારે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જી.આઈ.ડી.સી)ની સ્થાપના ૧૯૬૨ માં કરી. વલસાડનો ઔદ્યોગિક ઈતિહાસ વર્ણવતા **હેઇન (૧૯૮૫)** દર્શાવે છે કે ૧૯મી સદીના પ્રથમ અર્ધસૈકા દરમિયાન વલસાડ જિલ્લામાં વિકાસની પ્રક્રિયા મંદ રહી હતી. ૧૯૫૨માં અતુલ-અતીક સંકુલની સ્થાપના સાથે વિકાસની શરૂઆત થઇ. ૧૯૬૦ બાદ ગુજરાત સરકારે જી.આઈ ડી.સી થકી વધુ ઔદ્યોગિક વિકાસ માટે પ્રયત્ન આદર્યા હોવાનું જણાય છે.

વલસાડ જિલ્લામાં મુખ્યત્વે કેમિકલમાં ટેક્સટાઈલ તથા પેપર અને પેપર પલ્પના ઉદ્યોગો છે. વર્ષ ૧૯૮૦ થી જિલ્લામાં ટેકસટાઇલ અને કેમિકલ જેવા મોટા ઉદ્યોગોએ મોટા પ્રમાણમાં રોકાણ અને રોજગારી પૂરી પાડી છે. વલસાડમાં કુલ ૩૦૦ જેટલા મધ્યમ અને મોટા ઉદ્યોગો આવેલા છે. જેમાં સૌથી મોટી ઔદ્યોગિક વસાહત વાપીમાં આવેલ છે. જ્યાં એશિયાનું સૌથી મોટું common effluent plant આવેલું છે.

આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક વસાહતમાં વલસાડ જિલ્લામાં આદિવાસી વિસ્તાર અને તેમાં વસતા આદિવાસીઓની સંખ્યા રાજ્યના અન્ય જિલ્લાઓ કરતા વિશેષ છે. વલસાડ જિલ્લામાં ૧૯૮૧ ની વસ્તીગણત્રી પ્રમાણે આદિવાસીઓની વસ્તી ૫૪.૫૯% હતી. રાજ્ય સરકારે આદિવાસીઓનો વિકાસ થાય તે હેતુથી સંખ્યાબંધ યોજનાઓ અમલમાં મૂકી છે. પછાત વિસ્તારમાં કુલ ૧૪ ઔદ્યોગિક વસાહતો સ્થાપી તે પૈકી ૫૦% જેટલી ફક્ત વલસાડ જિલ્લામાં હતી. આ જિલ્લામાં સ્થપાયેલ સઘળી ઔદ્યોગિક વસાહતો આદિવાસી વિસ્તારની વસાહતો ગણાય છે.

આદિવાસીઓને રોજી-રોટી મળે તથા આર્થિક સામાજિક વિકાસ થાય તે માટેના રાજ્ય સરકારના પ્રયત્નો હતાં. વલસાડ જિલ્લામાં વર્ષ ૧૯૮૩-૮૪માં બીલીમોરામાં ૧૩૬ એકમો, નવસારીમાં ૯૪, ઉમરગામમાં ૫૦૨, વલસાડમાં ૧૩૦, વાપીમાં ૭૯૧, પારડી ૪૧, સરીગામમાં ૧૧ એકમો હતાં.

વલસાડ જિલ્લામાં ૨૦૧૦-૨૦૧૧ પ્રમાણે કુલ નોંધણી થયેલા ૨૫૮૬ જેટલા ઉદ્યોગો છે. તથા કુલ ઔદ્યોગિક યુનિટ ૨૯૮૩ છે. નોધણી થયેલા મધ્યમ અને મોટા ૬૩ ઉદ્યોગો છે. લઘુ ઉદ્યોગોમાં દૈનિક રોજગારી પ્રાપ્ત કરનાર કામદારોની સંખ્યા ૨૮,૦૧૦ જેટલી છે. તેમજ મધ્યમ તથા મોટા ઉદ્યોગોમાં કામ કરનાર કામદારોની સંખ્યા ૫૮૬૧ જેટલી છે. વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક વસાહતની સંખ્યા ૭ જેટલી છે. જેમાં વલસાડ, અતુલ, ગુંદલાવ, ઉમરગામ, વાપી, સરીગામ અને પારડીનો સમાવેશ થાય છે. ૧૯૮૨ માં ગુજરાત સરકારે સરીગામને ઔદ્યોગિક વિસ્તાર તરીકે જાહેર કર્યું. સરીગામ, વાપી જેવા મોટા ઔદ્યોગિક વિસ્તારો આસ-પાસ હોવાના કારણે તેનો ઔદ્યોગિક વિકાસ વિપુલ પ્રમાણમાં થયેલો જોવા મળે છે. સ્થાપના દરમિયાન સરીગામમાં ૧૧ જેટલા ઔદ્યોગિક એકમો હતાં જે હવે ૨૦૧૧ મુજબ ૪૬૯ જેટલા વધ્યા છે.

**અભ્યાસ ક્ષેત્રમાં શિક્ષણ**

સામાજિક સંસ્થાઓમાં શિક્ષણ સંસ્થા એક મહત્વની સામાજિક સંસ્થા છે. શિક્ષણ એ વ્યક્તિને અક્ષરજ્ઞાન એટલે કે લેખન, વાંચન, ગણિત વગેરે કૌશલ્યો શીખવતી તેમજ સમાજની સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મૂલ્યોની વ્યવસ્થાનું નવી પેઢીમાં હસ્તાંતર કરતી સંસ્થા છે. આધુનિક યુગમાં શિક્ષણ સામાજિક પરિવર્તનનું એક અગત્યનું પરિબળ છે. તેમજ સામાજિક, આર્થિક, રાજકીય સશક્તિકરણનું અગત્યનું સાધન છે. શિક્ષણને સામાજિક ગતિશીલાતાનું દ્વાર અને આજીવિકા પૂરી પાડતું સાધન પણ છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં સાક્ષરતા દર ૭૩% છે. તેની સરખામણીમાં ભારતના આદિવાસીઓમાં સાક્ષરતા દર ૫૯% છે. એટલે કે, ભારતમાં આદિવાસીઓમાં સાક્ષરતા દર ઓછો છે. અભ્યાસ વિસ્તારના આદિવાસીમાં કુલ સાક્ષરતા દર ૮૦.૩૬% છે.

ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ સામાજિક પરિવર્તનનું એક મહત્વનું પરિબળ છે. જીવનની સફળતાનો એક માર્ગ છે. આદિવાસી સમુદાય સદીઓથી જંગલ તથા પહાડી વિસ્તારમાં વસતો આવ્યો છે અને કહેવાતા સભ્ય સમાજ સાથે નહિવત્ પ્રમાણમાં સંકળાયેલ હતો. તેમની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ પ્રકૃતિ સાથે સંકડાયેલી હતી. શિક્ષણ પ્રત્યેની જાગૃતતા તેમનામાં ખૂબજ ઓછી હતી, પરંતુ ઔદ્યોગિકીકરણ પ્રક્રિયા બાદ શું પરિવર્તન આવ્યું છે. આ બાબત અત્રે ઉત્તરદાતાના માતા-પિતાની શિક્ષણ અંગેની વિગત જોતા ખ્યાલ આવે છે.

**કોષ્ટક નં. ૧. ઉત્તરદાતાના માતા-પિતાનું શિક્ષણ દર્શાવતું કોષ્ટક**

| | **તમારા માતા-પિતાએ શિક્ષણ મેળવેલ છે?** | | **હા, તો કેટલું?** | |
|---|---|---|---|---|
| **વિગત** | હા | ના | માતાનું શિક્ષણ | પિતાનું શિક્ષણ |
| **સંખ્યા** | ૦૯ | ૨૧૧ | ૦૪ | ૦૫ |
| ટકા | ૪.૧૦% | ૯૫.૯૦% | ૧.૮૨% | ૨.૨૭% |

ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે માત્ર ૪.૦૯% ઉત્તરદાતાના માતા-પિતાએ શિક્ષણ મેળવેલ છે એ પણ ફક્ત પ્રાથમિક કક્ષાનું જોવા મળે છે. જ્યારે ૯૫.૯૧% ઉત્તરદાતાના માતા-પિતા નિરક્ષર જોવા મળે છે. જેના કારણે તેમણે ઉદ્યોગોમાં બિનકુશળ કામદાર તેમજ નિમ્ન કક્ષાનું કામ કરવું પડે છે. અહીં સ્પષ્ટ થાય છે કે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું જોવા મળતું હતું. તે સમયે એટલી જરૂરિયાત પણ નહતી. પરંતુ હવે જરૂરિયાત વધવાના કારણે શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવી

છે અને શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ઉદ્યોગોમાં રોજગારી મેળવવા પણ શિક્ષણની જરૂરિયાત રહેતી હોવાથી નવી પેઢીમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. આ તારણ દેસાઇ (૨૦૦૨) ના તારણથી સામ્યતા ધરાવે છે. તેમણે નોંધ્યું છે કે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાના કારણે ઉદ્યોગોમાં તેમનું સ્થાન નિમ્ન દરજ્જાનું હતું.

પરંતુ ઔદ્યોગિકીકરણ, સંચાર માધ્યમોનો પ્રચાર અને શહેરીકરણના પરિણામે તેઓ શિક્ષણ પ્રત્યે જાગૃત બન્યા છે. છતાં સમગ્ર રાષ્ટ્રના સરેરાશ કરતાં આજે પણ તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસી સમુદાયમાં શૈક્ષણિક વિકાસ અંગેની માહિતી મેળવવામાં આવી છે; તેનું વિવરણ નીચે રજૂ કર્યું છે.

**કોષ્ટક નં. ૨. ઉત્તરદાતાનું શિક્ષણની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | જનજાતિ | નિરક્ષર | સાક્ષર | પ્રાથમિક | માધ્યમિક | ઉ.માધ્યમિક | સ્નાતક | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વારલી | ૧૭ | ૭ | ૫૪ | ૧૭ | ૧૧ | ૦૦ | ૧૬ |
| ૨ | હળપતિ | ૨૬ | ૧૫ | ૨૫ | ૧૫ | ૧૨ | ૦૦ | ૧૦૦ |
| ૩ | ધોડિયા | ૦૨ | ૦૦ | ૦૩ | ૦૪ | ૦૩ | ૦૪ | ૧૦૪ |
| કુલ | -- | ૪૫ | ૨૨ | ૮૨ | ૩૬ | ૨૬ | ૦૪ | ૨૨૦ |
| ટકા | -- | ૨૦.૪૫% | ૧૦% | ૩૮.૧૮% | ૨૯.૦૯% | ૧૧.૧૮% | ૨.૨૭% | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક મુજબ અભ્યાસ વિસ્તારના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ૮૦.૩૫% છે. નિરક્ષરતાનું પ્રમાણ ૨૦.૪૫%, સાક્ષરતાનું પ્રમાણ ૧૦%, પ્રાથમિક શિક્ષણ મેળવેલ ઉત્તરદાતાનું પ્રમાણ ૩૮.૧૮%, માધ્યમિક શિક્ષણ મેળવેલ ઉત્તરદાતાનું પ્રમાણ ૨૯.૦૯% અને સ્નાતક ઉતરદાતાનું પ્રમાણ ૨.૨૭% જોવા મળ્યું છે. ધોડિયા જનજાતિનાં ઉત્તરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ ૮૭.૫% અને નિરક્ષરતાનું પ્રમાણ ૧૨.૫% જોવા મળે છે. હળપતિ ઉત્તરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ

૭૪% અને નિરક્ષરતાનું પ્રમાણ ૨૬% જોવા મળે છે. વારલીઓમાં શિક્ષણનું પ્રમાણ ૮૩.૫૪% અને નિરક્ષરતાનું પ્રમાણ ૧૬.૪૬% જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રસ્તુત માહિતીનાં કરેલ વર્ગીકરણ પરથી ફલિત થાય છે કે, આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ઉદ્યોગોમાં તથા અન્ય દરેક ક્ષેત્રમાં શિક્ષણની જરૂરિયાત હોવાથી આદિવાસીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવેલી જોવા મળે છે. ઔદ્યોગિકીકરણ પણ શિક્ષણનું પ્રમાણ વધારવા પાછળનું એક પરિબળ છે. સિંધ (૨૦૦૬) પણ પોતાના અભ્યાસમાં નોંધે છે કે, આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઔદ્યોગિકીકરણના પરિણામે વધ્યું છે. પ્રસ્તુત અભ્યાસનું તારણ તેમના તારણ સાથે સુસંગતતા ધરાવે છે. વર્તમાનમાં તેમનામાં શિક્ષણનું પ્રમાણ ૭૪% વધ્યું છે; જે નોંધનીય બાબત છે.

**કોષ્ટક નં. ૩. ઉત્તરદાતા પુત્ર અને પુત્રીને ક્યા માધ્યમમાં અને ક્યાં સુધી શિક્ષણ આપવા માંગે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | વારલી | હળપતિ | ધોડિયા | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૯૭ | ૯૫ | ૦૭ | ૧૯૯ | ૯૦.૪૫% |
| ૨ | અંગ્રેજી | ૦૭ | ૦૫ | ૦૯ | ૨૧ | ૯.૫૫% |
| કુલ | - | ૧૦૪ | ૧૦૦ | ૧૬ | ૨૨૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક મુજબ ૯૦.૪૫% ઉત્તરદાતાઓ પોતાના સંતાનોને ગુજરાતી માધ્યમમાં અને ૯.૫૫% અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવા માંગે છે. અહીં ઉપરોક્ત વિવરણ દ્વારા ફલિત થાય છે કે, આદિવાસીઓ શિક્ષણનું માધ્યમ તરીકે ગુજરાતી વધુ પસંદ કરે છે. અંગ્રેજી માધ્યમોની સ્કૂલો પ્રાઈવેટ હોવાથી ફી ભરી શકવામાં મુશ્કેલી પડે છે. તેથી માત્ર ૯.૫૫% ઉત્તરદાતાઓ કે જેઓની આર્થિક સ્થિતિ સારી હોવાથી અંગ્રેજી માધ્યમમાં સંતાનોને ભણાવવા માંગે છે.

**કોષ્ટક નં. ૪. ઉત્તરદાતા પોતાના સંતાનને ક્યાં સુધી શિક્ષણ આપવા માગે છે તેની વિગત દર્શાવતું કોષ્ટક**

| | | વારલી | | હળપતિ | | ધોડિયા | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | શિક્ષણ | પુત્ર | પુત્રી | પુત્ર | પુત્રી | પુત્ર | પુત્રી |
| ૧ | સ્નાતક | ૧૦૪ | ૧૦૪ | ૧૦૦ | ૧૦૦ | ૧૬ | ૧૬ |
| ૨ | અનુસ્નાતક | ૧૦૪ | ૯૯ | ૯૮ | ૯૮ | ૧૬ | ૧૬ |
| ૩ | આઈ.ટી.આઈ. | ૮૫ | ૨૫ | ૬૫ | ૨૫ | ૦૩ | ૦૨ |
| ૪ | એન્જીનિયરીંગ | ૪૧ | ૩૦ | ૨૧ | ૧૨ | ૧૪ | ૧૪ |
| ૫ | નર્સિંગ | ૦૩ | ૩૦ | ૦૪ | ૭૫ | ૦૨ | ૧૦ |
| ૬ | બી.એડ. | ૨૩ | ૬૨ | ૦૬ | ૬૨ | ૧૨ | ૧૬ |
| ૭ | ભણે તેટલું | ૯૯ | ૯૪ | ૧૦૦ | ૧૦૦ | ૧૬ | ૧૬ |

ઉપરોક્ત કોષ્ટક મુજબ આદિવાસીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવી છે. તેઓ પોતાના સંતાનોને નર્સિંગ, આઈ.ટી.આઈ, બી.એડ. જેવા ઉચ્ચ શિક્ષણ આપવા માંગે છે. સમગ્ર ઉત્તરદાતાઓ મુજબ તેઓ પોતાના સંતાનોને ભણે ત્યાં સુધી ભણાવવા માંગે છે.

**કોષ્ટક નં. ૫. ઉત્તરદાતા પુત્ર-પુત્રીમાંથી શિક્ષણ આપવા કોને વધુ મહત્વ આપે છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પુત્રને | ૧૧ | ૫% |
| ૨ | પુત્રીને | ૦૦ | ૦૦ |
| ૩ | બંનેને | ૨૦૯ | ૯૫% |
| કુલ | - | ૨૨૦ | ૧૦૦% |

ઉપરના કોષ્ટક મુજબ ૯૫% ઉત્તરદાતા પુત્ર-પુત્રી બંનેને શિક્ષણ આપવામાં સમાનતા દાખવે છે. જ્યારે માત્ર ૫%ઉત્તરદાતા પુત્રને વધુ શિક્ષણ આપવા મહત્વ દર્શાવે છે. આદિવાસીઓમાં સ્ત્રી-પુરુષ સમાનતા જોવા મળે છે. પરંતુ અન્ય સંસ્કૃતિના અસરના પરિણામે પુત્રને વધુ મહત્વ આપવું એ પ્રથા ધીરે ધીરે તેમનામાં ઘર કરી રહી છે.

**કોષ્ટક નં. ૬. કેવા પ્રકારનું શિક્ષણ ઉદ્યોગોમાં રોજગારી મેળવવા સહાયક બને છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | આઈ.ટી.આઈ | ૨૨૦ | ૧૦૦% |
| ૨ | બી.બી.એ, એમ.બી.એ | ૧૫૦ | ૬૮.૮૨% |
| ૩ | બી.કોમ.,કોમ્પ્યુટર | ૨૦૦ | ૯૦.૦૯% |

ઉપરોક્ત કોષ્ટક મુજબ ૧૦૦% ઉત્તરદાતાઓ મુજબ ઉદ્યોગોમાં રોજગારી પ્રાપ્ત કરવા માટે આઈ.ટી.આઈ. કોર્ષ સહાયક બને છે. ૬૮.૮૨% ઉત્તરદાતાઓ મુજબ બી.બી.એ, એમ.બી.એ વગેરે સહાયક બને છે, તેમજ ૯૦.૦૯% ઉત્તરદાતાઓ મુજબ બી.કોમ. અને કોમ્પ્યુટરનું શિક્ષણ સહાયરૂપ બને છે.

ઉપરોક્ત માહિતી ઉપરથી કહી શકાય છે કે, ઉદ્યોગોમાં રોજગારી પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ શિક્ષણની જરૂરિયાત પડે છે. ઓછા શિક્ષણના પરિણામે અભ્યાસ ક્ષેત્રના આદિવાસીઓ અર્ધકુશળ કારીગર તરીકે કામ કરે છે.

**કોષ્ટક નં. ૭. ઉત્તરદાતાના કુટુંબમાંથી અધવચ્ચેથી શિક્ષણ છોડનારનું પ્રમાણ તથા કારણ દર્શાવતું કોષ્ટક**

| | અધવચ્ચે શિક્ષણ | હા, તો શિક્ષણ છોડવાનું કારણ |
|---|---|---|

| | છોડયું છે ? | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | હા | ના | નાપાસ થવાથી | આર્થિક સ્તિથિ ખરાબ હોવાથી | રોજગારી મેળવવા | શિક્ષણમાં નિરસતા |
| વારલી | ૬૬ | ૩૮ | ૧૮ | ૧૬ | ૨૭ | ૦૫ |
| હળપતિ | ૪૨ | ૫૮ | ૭ | ૨૧ | ૧૦ | ૦૩ |
| ધોડિયા | ૦૪ | ૧૨ | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૦ |
| કુલ | ૧૧૨ | ૧૦૮ | ૨૬ | ૩૭ | ૪૦ | ૦૮ |
| ટકા | ૫૦.૯૧% | ૪૯.૦૯% | ૨૩.૨૧% | ૩૩.૦૩% | ૩૫.૭૧% | ૭.૧૪% |

ઉપરોક્ત કોષ્ટક અનુસાર અભ્યાસ ક્ષેત્ર સરીગામમાં અધવચ્ચેથી શિક્ષણ છોડનાર લોકોનું પ્રમાણ વધુ જોવા મળે છે. ૫૦.૯૧% ઉત્તરદાતાના કુટુંબમાંથી અધવચ્ચેથી શિક્ષણ છોડ્યું છે. જેનું કારણ એક વર્ગમાં નાપાસ થવાથી (મોટા ભાગે ૧૦ માં ધોરણમાં) ૨૩.૨૧%, આર્થિક સ્તિથિ ખરાબ હોવાથી ૩૩.૦૩%, રોજગારી મેળવવા ૩૫.૭૧% અને શિક્ષણમાં નિરસતા હોવાથી ૭.૧૪%વગેરે જોવા મળે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી તથા નાપાસ થવાના કારણે ઉદ્યોગોમાં રોજગારી મેળવે છે અને શિક્ષણ અટકાવે છે. નાપાસ થવાથી ફરી પરીક્ષા આપવાનું ટાળે છે તેમજ રોજગારી મેળવવા ઉદ્યોગોમાં જાય છે અને ઉચ્ચ શિક્ષણ મેળવવાથી વંચિત રહે છે.

**વ્યવસાયિક ગતિશીલતા**

અભ્યાસ ક્ષેત્રના આદિવાસી સમુદાયની જીવનશૈલી ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા બાદ પરીવર્તન પામી છે. અહી ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા પહેલા આદિવાસી સમુદાય મુખ્યત્વે ખેતી કરતાં. તેમજ શાહુકારો પાસે મજૂરી કરતાં. આદિવાસી પુરુષો મોટા ભાગે વર્ષના આઠ મહિના

માછીમારી કરવા વેરાવળ, મુંબઈ, ગોવા, પોરબંદર જેવા મત્સ્યકેન્દ્રો પર સ્થળાંતર કરતાં જે આજે પણ કરે છે પરંતુ તેનું પ્રમાણ ઘટ્યું છે.

વારલી જનજાતિ જેઓ પરંપરાગત રીતે વધુ જમીન ધરાવતા. તેઓ ખેતી કરતા અને ઓછી જમીન ધરાવતા તેઓ ખેતમજૂરી સાથે સંકળાયેલા હતા. હળપતિ જનજાતિ વલસાડ, બીલીમોરા જેવા વિસ્તારોમાં બ્રાહ્મણ અને દેસાઈ કુટુંબોના ત્યાં આર્થિક પ્રવૃત્તિ માટે જતા તેમજ માછીમારી  કરવા સ્થળાંતર કરતા. ધોડિયા જનજાતિ પણ મુખ્યત્વે ખેતી સાથે સંકળાયેલી હતી તેમજ તેમનામાં શિક્ષણનુંપ્રમાણ વધુ હોવાથી તેઓ વિવિધ નોકરી સાથે સંકળાયેલા હતા.

વર્તમાન સમયમાં જોઈએ તો અભ્યાસ વિસ્તારમાં ઔદ્યોગિકીકરણનું પ્રમાણ વધ્યું છે જેના પરિણામે સ્થાનિકોને રોજગારી મળી રહે છે. ઉદ્યોગોમાં રોજગારી મેળવવા શિક્ષણ કે તાલીમની જરૂરિયાત હોવાથી આદિવાસીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવી છે. તેથી શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેમ છતાં શિક્ષણનું સ્તર મર્યાદિત રહ્યું છે. ઉદ્યોગોમાં રોજગારી મળતાં જ શિક્ષણ લેવાનું છોડી દેવામાં આવે છે.

**તારણો**:

દુર્ખીમે (૧૯૫૬) ઔદ્યોગિક સમાજમાં શિક્ષણને વ્યવસાયિક ગતિશીલતા માટે સસ્તું માધ્યમ ગણાવ્યું છે. એનો મતલબ એ છે કે શિક્ષણ પછી વ્યવસાયિક ગતિશીલતા ઝડપી પ્રાપ્ત કરી શકાય છે. પ્રસ્તુત અભ્યાસમાં આ જ બાબત શેત્ર કાર્ય દરમિયાન જોવા મળ્યું છે. પરંપરાગત રીતે જે જનજાતિઓ (વારલી અને હળપતિ) પછાતતા ભોગવતી હતી તે વર્તમાનમાં ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા થકી શિક્ષણ મેળવતી થઈ છે. પરંતુ આ શિક્ષણના માધ્યમને તેઓ રોજગારી મેળવવાના

માધ્યમ પુરતું જ સીમિત બનાવી દીધું છે. કેમકે, આ જનજાતિના લોકોને ઉદ્યોગ/વ્યવસાયમાં તક મળ્યેથી તેઓ શિક્ષણ  જ છોડી દે છે.

અભ્યાસ ક્ષેત્રના આદિવાસીઓમાં અધવચ્ચેથી શિક્ષણ છોડવાનું પ્રમાણ ૫૦.૯૧% છે. જેનું કારણ ખરાબ આર્થિક સ્થિતિ અને પરીક્ષામાં નાપાસ થવું છે. અહીં એક બાબત નોંધનીય છે કે અભ્યાસ ક્ષેત્રના આદિવાસી વિદ્યાર્થીઓએ ઉદ્યોગોમાં કામ મેળવવા શિક્ષણ છોડી દે છે. તેમના મત મુજબ વધુ શિક્ષણ મેળવ્યા બાદ પણ ઉદ્યોગોમાં કોન્ટ્રાક્ટ લેબર તરીકે જ કામ કરવું પડતું હોઈ તે છે. અને વધુમાં કોઈ પણ ઊંચું સ્થાન મળતું નથી.

આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું હતું. પરંતુ હવે તેઓને શિક્ષણ મહત્વ સમજાયું હોવાથી પોતાના બાળકોને વધુ ને વધુ શિક્ષણ આપવાનો પ્રયત્ન કરે છે. ઉદ્યોગોમાં પણ શિક્ષિત લોકોને જ કામ આપવામાં આવતું હોવાથી તેઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવી છે.

અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં વારલી ઉત્તરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ ૮૩.૫૪%, ધોડિયામાં ૮૭.૫% અને હળપતિઓમાં ૭૪% જોવા મળે છે. આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધતું દેખાય આવે છે પરંતુ આદિવાસી બાળકો ૧૦-૧૨ ધોરણ સુધીનું  મેળવી અધવચ્ચેથી છોડી દે છે જેનું પ્રમાણ વધુ જોવા મળે છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબમાંથી ૫૦.૯૦% લોકોએ અધવચ્ચેથી શિક્ષણ છોડ્યું છે. જેનું મુખ્ય કારણ આર્થિક પરિસ્થિતિ તેમજ ઉદ્યોગોમાં રોજગારી મેળવવાનું આકર્ષણ છે.

અભ્યાસ ક્ષેત્રમાં શિક્ષણનું પ્રમાણ ૮૦% જેટલું છે પરંતુ આદિવાસી બાળકો ૭, ૧૦ કે ૧૨ સુધીનું શિક્ષણ મેળવ્યા બાદ ઉચ્ચ શિક્ષણ મેળવવાના સ્થાને કોન્ટ્રાક્ટ લેબર તરીકે ઉધોગોમાં કામ

કરવા જાય છે. તેમના મતે વધુ શિક્ષણ મેળવ્યા બાદ પણ આજ કામ કરવું પડે છે તો વધુ શિક્ષણ મેળવવાના શું ફાયદો?

અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ હવે પુત્ર-પુત્રી બંનેને શિક્ષણ આપવા માંગે છે અને ભણે ત્યાં સુધી ભણાવવાની ઈચ્છા રાખે છે. દૂર દૂરનાં સ્થળે જઈ શિક્ષણ મેળવતા થયા છે. તેમાં કન્યાઓનો પણ સમાવેશ થઈ જાય છે. શિક્ષણ મેળવવાથી હોંશિયાર બને, જાગૃતિ આવે, પગભર બની સારું જીવન જીવી શકે તેવું તેઓ માને છે. નોકરી મેળવવા માટે શિક્ષણ મેળવે છે તેવું જાણવા મળ્યું હતું. છોકરીઓને ભણાવવાથી સારું ઘર મળે, સામાજિકતા માટે જરૂરી છે તેવું જાણવા મળ્યું. મોટા ભાગે ધંધાકીય શિક્ષણ વધુ પસંદ કરતાં જોવા મળ્યા હતા. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ સંતાનોને ધંધાકીય શિક્ષણ આપવા માંગે છે.

ઉદ્યોગોમાં તથા અન્ય દરેક ક્ષેત્રમાં શિક્ષણની જરૂરિયાત હોવાથી આદિવાસીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવેલી જોવા મળે છે. ઔદ્યોગિકીકરણ પણ શિક્ષણનું પ્રમાણ વધારવા પાછળનું એક પરિબળ છે. ઓછા શિક્ષણના પરિણામે અભ્યાસ ક્ષેત્રના આદિવાસીઓ અર્ધકુશળ કારીગર તરીકે કામ કરે છે.

**સંદર્ભસૂચી**

અગ્રવાલ કે.કે (૨૦૦૫) બેંગા જનજાતિમાં શૈક્ષણિક ગતિશીલતા-આદિવાસી ગુજરાત વોલ-૧૫,આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ.

પટેલ ગુલાબભાઇ.ડા(૧૯૯૯) ઉધોગિકીકરણથી આદિવાસીઓમાં આવેલું આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક પરીવર્તન, ગુજરાત વિધાપીઠ અમદાવાદ.

ભોએ દિપક(૨૦૧૩) ભીલોની સંસ્કૃતિ : સાતત્યતા અને પરિવર્તન, પીએચ .ડી શોધનિબંધ, વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત.

Durkheim, Emile 1956, Education and Sociology, The Free Press, New York.

Behra Prshant(2015) Socio – Economic Impact Of Industrialisation And Mining On The Local Population:- A Case Study Of NALCO Industrial Area Koraput. International Journal Of Economic & Management Sciences-june 2015 Vol-4 Issue-8

Kapoor Tushar(2014) Impact Of Industrialization On Tribal Livelihood :- A Case Study Of Raurk- Ela. – ethisis.nitrki.ac.in /6448/1/E-63 pdf

Khosla. R.K(2014) Impact Of Industrialization ON Forest Resources And Tribals In Kora DistStudyOfDamonjodiShodhganga.inflibnet.ac.in/bistream/10603/21724/12-204pdf.

Kapdia & pillai(1972) Industrialization And Rural Society : A Study Of Atul-Bulsar Regian. Popular Prakashan, Mumbai.